પ્રાથમિક શિક્ષકો માટેની યોગ્યતા કસોટી.
ઉર્દૂ તથા મરાઠી માધ્યમની શાળાઓ માટે

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ-પીઆરઇ-૧૧૧૧-૭૧૧-ક
સચિવાલય, ગાંધીનગર
તા. /૭/૨૦૧૨
26 JUL 2012

વંચાણે લીધાઃ-

(૧) શિક્ષણ વિભાગનો તા.૨૭/૪/૨૦૧૧નો ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૧૧૧/૭૧૧/ક

(૨) શિક્ષણ વિભાગનો તા.૨૭/૪/૨૦૧૧નો ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૧૧૦/૨૨૩/ક

(૩) શિક્ષણ વિભાગનો તા.૧૪/૭/૨૦૧૧નો સુધારા ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૧૧૧/૭૧૧/ક

ઠરાવઃ-

પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયકોની નિમણૂંક અંગે વંચાણે લીધેલ ક્રમાંકઃ૨ અન્વયે નીતિ નિયમો તથા માપદંડો નિયત કરેલ છે તથા વંચાણે લીધેલ ક્રમાંકઃ ૧ અન્વયે સરકારી પ્રાથમિક શાળાઓમાં શિક્ષક યોગ્યતા કસોટી (Teacher Eligibility Test : TET) સંબંધી જોગવાઇ કરવામાં આવેલ છે. ઉક્ત જોગવાઇ સંદર્ભે પ્રાથમિક શાળાઓમાં પ્રાથમિક શિક્ષણ (ધો.૧ થી ૫) તથા ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ (ધો.૬ થી ૮) માટે શિક્ષક યોગ્યતા કસોટીઓનું આયોજન કરવામાં આવે છે. આ કસોટી સંદર્ભે રાજ્યની ઉર્દૂ/મરાઠી માધ્યમની પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયક/શિક્ષકોની નિમણૂંક માટેના ઉમેદવારો માટે શિક્ષક યોગ્તા કસોટી (TET) અંગે જરૂરી જોગવાઇ (જોગવાઇ ન હોય તેવી જોગવાઇ) કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. કાળજી પૂર્વકની વિચારણા બાદ પ્રાથમિક શિક્ષક માટેની યોગ્યતા કસોટી અંગેના શિક્ષણ વિભાગના તા.૨૭/૪/૨૦૧૧ના ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ/૧૧૧૧/૭૧૧/ક નિયત થયેલ નિયમોમાં ઉર્દૂ/મરાઠી માધ્યમની સરકારી પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયક/શિક્ષકો સંદર્ભે નીચે મુજબની જોગવાઇ ઉમેરવામાં આવે છે.

" તા.૨૭/૪/૨૦૧૧ના ઠરાવ ક્રમાંક – પીઆરઇ-૧૧૧૧-૭૧૧-ક માં ફકરા – ૨(બ) (V) વિભાગ – ૧(૨) માં તથા ફકરા – ૨(બ) VI વિભાગ – ૨ ભાષાઓના મથાળા નીચે સંસ્કૃત શબ્દ પછી/ઉર્દૂ/મરાઠી એવા શબ્દ વાંચવા. વધુમાં એવી સ્પષ્ટતા કરવામાં આવે છે કે ઉર્દૂ અગર મરાઠી માધ્યમની ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયક/શિક્ષકની નિમણૂંક

માટે ટેટમાં સંસ્કૃતના બદલે ઉર્દૂ/મરાઠી( as case may be ) અંગેના પ્રશ્નો પુછવાના રહેશે. પરંતુ પ્રશ્નપત્રનું માધ્યમ ગુજરાતી રહેશે."

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એસ.બી.ગરાસિયા)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ,

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- તમામ માન.મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવાલયના તમામ વિભાગો, ગાંધીનગર
- કમિશનરશ્રી, શાળાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, સર્વ શિક્ષા અભિયાન [illegible], સેક્ટર-૧૭, ગાંધીનગર
- નિયામકશ્રી, નિરંતર શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી., ગાંધીનગર
- નિયામકશ્રી, ગુજરાત રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- તમામ મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ
- તમામ જિલ્લા વિકાસ અનધિકારીશ્રીઓ
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, નગર પાલિકા અને નગર પંચાયત
  એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/અમદાવાદ

  } નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ દ્વારા

- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તરફ રાજ્યના અગ્રણી દૈનિક અખબારોમાં પ્રસિધ્ધિ અર્થે.
- શિક્ષણ વિભાગના તમામ અધિકારીશ્રીઓ
- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (ઓનલાઇન મૂકવા સારૂ)
- સિલેક્ટ ફાઇલ/નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ, ક-શાખા